# મે.કઠલાલના એડીશનલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ.કઠલાલ.

==================================================

**રેગ્યુલર દીવાની મુકદ્દમા નં. ૩૯/૨૦૨૦**

==================================================

**અરજદાર વાદી:** (૧) રાવજીભાઇ કોદરભાઇ બારૈયા તથા અન્ય વાદીઓ

**વિરુધ્ધ**

**સામાવાળા પ્રતિવાદી:**(૧) કનુભાઇ સંતાભાઇ તથા અન્ય પ્રતિવાદીઓ

==================================================

**વાદી તરફે વિ.વ.શ્રી:** કે.આર.ડાભી

**પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી:** એચ.આર.ડાભી

==================================================

## :: વાદીની આંક–૫ ની કામચલાઉ મનાઇ અરજી લગત હુકમ ::

**(૧) વાદીની કામ ચલાઉ મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે,**

**(૧.૧)** વાદીઓની ડીસ્ટ્રીકટ ખેડા સબ ડીસ્ટ્રીકટ કઠલાલના ગામ મોજે.કાણીયેલની સીમના ખાતા નં.૬૭ થી બ્લોક/સર્વે નં.૭૦૦ પૈકી ૧, ૭૦૩ પૈકી ૧, ૭૦૦ તથા ખાતા નં.૧૦૦૮માં આવેલ સર્વે નં.૭૫૭ તથા ૭૬૦ તથા ખાતા નં.૬૮માં આવેલ સર્વે નં.૭૬૩ તથા ખાતા નં.૭૨માં આવેલ સર્વે નં.૬૯૭, ૬૯૮, ૬૯૯ વાળી ખેતીની જમીનો સંયુક્ત કબજા ભોગવટાવાળી સંયુક્ત નામે રેકર્ડ દફતરે ચાલતી આવેલ છે અને હાલ ઉપરોકત સર્વે નંબરોવાળી જમીનોમાં સર્વે નં.૬૯૮ વાળી જમીનમાં તથા સર્વે નં.૭૬૦ વાળી જમીનમાં તથા સર્વે નં.૭૦૭ વાળી જમીનોમાં વાદીઓના કાચા પાકા જુના મકાનો તથા પાણીનો બોરકુવો આવેલ છે અને સદર સર્વે નંબરોમાં વર્ષોથી વાદીઓ રહેણાંકના મકાનો બનાવી વસવાટ કરે છે.

**(૧.૨)** આ કામના પ્રતિવાદીઓની માલિકીની જમીન મોજે.કાણીયેલના સીમના ખાતા નં.૬૩૫માં આવેલ સર્વે નં.૬૯૦ વાળી ખેતીની જમીન આવેલ છે. જેમાં સદર સર્વે નંબરની પૂર્વ બાજુએ કાણીયેલથી સરાલી જવાનો કાચુ નાળીયુ આવેલ છે તે નાળીયે થઈને સદર પ્રતિવાદીના સર્વે નંબરમાં ઉત્તર દિશાના શેઢે થઈને વાદીઓના સર્વે નં.૭૦૦ તથા ૭૦૦ પૈકી ૧ વાળી જમીનોમાં થઈને તથા વાદીઓની બાકીના સર્વે નંબરોવાળી જમીનોમાં જવા આવવાનો વર્ષો જુનો કાદો કદમીથી રસ્તો આવેલ તે રસ્તે થઈને વાદીઓ ખેતી કામ માટેના તમામ સાધનો હળ, બળદ, ટ્રેકટર, ગાડુ તથા આવવા જવા માટે અવરજવર કરતા આવેલ છે અને આ કામના પ્રતિવાદીઓએ મનસ્વી રીતે છેલ્લા પાંચ–છ મહિનાથી વાદીઓને હેરાન પરેશાન કરવાના બદઆશયે સદર રસ્તામાં રોકટોક કરી ઝાડી ઝાંખરા નાખી થોરની વાડ કરી કાયદેસરનો રસ્તો

બંધ કરવાના પ્રયત્નો કરેલા છે.

**(૧.૩)** વધુમાં સર્વે નં.૬૯૦ વાળી જમીનમાં આવેલ રસ્તાના ખુંટ નીચે મુજબ છે.

પુર્વેઃ- કાણીયેલથી સરાલી જવાનું કાચુ નાળીયું આવેલ છે.

પશ્ચિમેઃ- સર્વે નં.૬૯૬ તથા ૬૯૫ વાળી જમીન આવેલી છે.

ઉત્તરેઃ- દાવાવાળો રસ્તો મુકી સ.નં.૭૦૧ તથા ૭૦૨ વાળી જમીન તથા અમો વાદીઓની સ.નં.૭૦૦ વાળી જમીન આવેલી છે.

દક્ષિણેઃ- પ્રતિવાદીની સ.નં.૬૯૦ વાળી બાકીની જમીન આવેલી છે.

આમ, ઉપરોકત ચાર ખુંટ વચલા રસ્તાનો "દાવાવાળા રસ્તા" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે અને વાદીઓને ઉપરોકત રસ્તો પ્રતિવાદીઓએ છેલ્લા પાંચ-છ મહિનાથી ઝાડી ઝાંખરા તથા થોરની વાડ કરી બંધ કરવાના પ્રયત્નો કરી રસ્તો બંધ કરવાની કોશીશો કરી અને સદર રસ્તે થઈને જઈએ આવીએ તો જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ત્યારથી વાદીઓ સદર રસ્તાનો ઉપયોગ અને ઉપભોગ કરી શકતા ના હોઈ જેથી ઉપરોક્ત જણાવેલ સર્વે નંબરોમાં જવા આવવા તથા ખેતી કામ કરવા બાળકોને સ્કુલે જતા આવતાં ઘણી તકલીફો પડે છે.

**(૧.૪)** વધુમાં વાદીઓએ મહેરબાન મામલતદાર સાહેબ સમક્ષ રસ્તો ખુલ્લો કરી આપવા અરજી કરેલી. જે મામલતદાર કોર્ટ એકટ કેસ નં.૮/૨૦૧૯ થી ચાલી જતા વાદીઓ વિરૂધ્ધ હુકમ થતાં વાદીઓએ કપડવંજના મહે.પ્રાન્ત અધિકારી સાહેબ સમક્ષ રીવીજન અરજી કરેલી. જેથી સદર કેસ રીમાન્ડ કરી મામલતદાર કોર્ટમાં રીમાન્ડ કેસમાં નં.૧/૨૦૨૦ થી ચાલી જતા સદર કામે મામલતદાર સાહેબશ્રીએ વાદીઓની અરજી દફતરે કરવાનો હુકમ કરેલ અને જે હુકમ સામુ પ્રાન્ત સાહેબશ્રી કપડવંજનાઓ સમક્ષ રીવીજન અરજી દાખલ કરે. જે હાલ પેન્ડીંગ છે અને મામલતદારશ્રી કઠલાલનાઓએ કરેલ હુકમ મુજબ સિવિલ કોર્ટ સમક્ષથી દાદ મેળવતા જણાવતા વાદીઓએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરૂદ્ધ કરવાની જરૂર પડેલ છે અને દાવાના આખરી નિકાલ સુધી આ કામના પ્રતિવાદીઓ દાવાવાળા રસ્તાનો વાપર કે ઉપભોગ કરતા વાદીઓને અટકાવે નહિં તે માટે આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઇહુકમ મેળવવા માટે અરજ ગુજારેલ છે.

**(૨) પ્રતિવાદી સદરહું અરજીનો જવાબ આપેલ છે જેની ટુંકમાં હકીકત નીચે મુજબ છે,**

**(૨.૧)** આ કામના વાદીઓને તથા તેમના કુટુંબીજનોને અને તેમના માણસોને નોકરો વિગેરેને હળ, બળદ, ગાડુ, ટ્રેકટર વિગેરે લઈને જવા આવવાનો રસ્તો અને રસ્તાનો હક્ક મોજે.ગામ કાણીયેલથી સરાલી જવાનો જે જાહેર રસ્તો આવેલો છે તે રસ્તે થઈ સર્વે નં.૭૦૪માં પશ્ચિમ બાજુવાળી દક્ષિણ તરફથી આગળ વધી દક્ષિણાતા શેઢે થઈ સ.નં.૭૦૬માં થઈ આગળ

વધી તેઓના સ.નં.૭૦૭માં જઈ શકાય છે. તેમજ સ.નં.૭૦૭માં થઈ તેમના સ.નં.૬૦૮માં તેમજ સ.નં.૬૯૮માં થઈ તેમના માલિકીના સ.નં.૬૯૭માં જઈ શકાય છે. તેમજ સ.નં.૬૯૭માં થઈ સ.નં.૬૯૯માં તથા સ.નં.૭૦૦માં જઈ શકાય છે. તેમજ સ.નં.૬૯૭માં થઈ સ.નં.૬૯૯માં તથા સ.નં.૭૦૦માં જઈ શકાય છે. તેમજ સ.નં.૭૦૦માં થઈને તેઓના માલિકીના સ.નં.૭૦૩–૧માં જવા આવવાનો રસ્તો અને રસ્તાનો હક્ક કાદો કદમીથી આવેલો છે અને આ રસ્તાનો વાપર ઉપભોગ વાદીઓ તથા તેમના કુટુંબીજનો કરતા આવેલા છે અને કરે છે.

**(૨.૨)** આમ, ઉપર જણાવ્યા મુજબ વાદીઓનો અને તેમના કુટુંબીજનોનો જવા આવવાનો રસ્તો અને રસ્તાનો હક્ક આવેલો છે. તેમ છતાં આ કામના વાદીઓ અમારા સર્વે નં.૬૯૦ વાળી જમીન વાદીઓના તથા તેમના કુટુંબનોના સર્વે નંબરોવાળી જમીનથી પાછળ આવેલી છે. જેથી પ્રતિવાદીઓની માલિકીના સર્વે નં.૬૯૦માં થઈ વાદીઓનો કોઈ રસ્તો કે રસ્તાનો હક્ક આવેલો નથી. તેની આ સ્પષ્ટતા કરીએ છીએ. આ કામે ઈલાયદા લીસ્ટથી અમોએ કાણીયેલ સીમનું કાણીયેલથી સરાલી જવાના રસ્તાનું ટ્રેસીંગ નિ.૧૨/૧ થી રજુ કરેલ છે. જે જોતા પણ સ્પષ્ટ જણાઈ આવે છે કે અમો પ્રતિવાદીના સ.નં.૬૯૦ ની આગળ રસ્તાને અડીને વાડીઓનો અને તેમના કુટુંબીજનોનો સર્વે નં.૭૦૪ વાળી જમીન આવે છે. જેથી તેમના કુટુંબીજનોના તમામ સર્વે નંબરોવાળી જમીનોમાં જવા આવવાનો રસ્તો અને રસ્તાનો હક્ક ગામ કાણીયેલથી સરાલી જવાના જાહેર રસ્તે થઈને અડીને આવેલ ૭૦૪ વાળી જમીન જે વાદીઓના કુટુંબી ગેબાભાઈ શંકરભાઈની આવેલી છે. તે જમીનમાં આ કામના વાદીઓ તથા તેમના કુટુંબીજનો કાણીયેલથી સરાલી જવાના જાહેર રસ્તે થઈ ગેબાભાઈ શંકરભાઈની ૭૦૪માં પશ્ચિમ બાજુવાળી દક્ષિણ તરફ આગળ વધી તેઓના સર્વે નં.૭૦૬માં થઈ સર્વે નં.૭૦૭માં જાય છે અને ૭૦૭માં થઈ ૬૯૭, ૬૯૯ અને ૬૯૮માં થઈ સ.નં.૭૦૦માં જાય છે અને સર્વે નં.૭૦૦માં થઈ સર્વે નં.૭૦૩–૧માં જાય છે અને તે રીતે રસ્તાનો વાપર ઉપભોગ વાદીઓ તથા તેમના કુટુંબીજનો ઘણા વર્ષોથી કરતા આવેલા છે અને કરે છે છતાં વાદીઓ જાણીબુઝીને નામદાર કોર્ટને ખોટી હકીકતો જણાવી અને અમો પ્રતિવાદીઓની સર્વે નં.૬૯૦માં થઈને વાદીઓનો કોઈ રસ્તો કે રસ્તાનો હક્ક આવેલ ન હોવા છતાં જુથબળના જોરે નવીન રસ્તાનો હક્ક ઉભો કરવા માંગતા હોઈ જેથી પણ વાદીઓની સદર મનાઈ અરજી રદ થવાને પાત્ર છે.

**(૨.૩)** વધુમાં વાદીઓની દાવા તથા સદર મનાઈ અરજી સામે પ્રતિવાદીઓનો વિગતવારનો લેખિત જવાબ આંક–૧૧ થી રજુ થયેલ છે. જયારે આંક–૧૨ થી પ્રતિવાદીઓ તરફે દસ્તાવેજી પુરાવાઓનું લિસ્ટ રજુ થયેલ છે. જેમાં પ્રતિવાદીઓએ નિ.૧૨/૧ થી નિ.૧૨/૫ સુધીના પ્રતિવાદી તરફેના મહત્વના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે. જેમાં નિ.૧૨/૧ થી મોજે.કાણીયેલ સીમનું કાણીયેલથી સરાલી જવાના રસ્તાનું ટ્રેસીંગ

ત.ક.મંત્રીશ્રીની સહી સિક્કાવાળું અસલ રજુ કરેલ છે. જયારે નિ.૧૨/૨ થી આ કામના વાદીઓએ મામલતદાર કોર્ટ એકટ મુજબ ૮/૨૦૧૯ થી અરજી કરેલ તેમાં પ્રતિવાદીઓની તરફેણમાં જજમેન્ટ આવેલ તે જજમેન્ટની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. જયારે નિ.૧૨/૩ થી આ કામના વાદીઓએ મે.આસીસ્ટન્ટ કલકેટર સાહેબ સમક્ષ આર.ટી.એસ. અપીલ કરેલ તે કઠલાલ મામલતદાર સાહેબને રીમાન્ડ કરવામાં આવેલ તે રીમાન્ડ કેસ નં.૧/૨૦૨૦માં અમો પ્રતિવાદીઓની તરફેણમાં જજમેન્ટ આવેલ તે જજમેન્ટની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. જયારે નિ.૧૨/૪ થી અમો પ્રતિવાદીઓની તરફેણમાં રસ્તા બાબતે ગોવિંદભાઈ બબાભાઈ બારૈયાને એફીડેવીટ કરેલ તે એફીડેવીટ અમોએ અસલ મહે.કલેકટર સાહેબ સમક્ષ ચાલતા રીવીઝન કેસ નં.૯/૨૦૨૦માં રજુ કરેલ તેની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. જયારે નિ.૧૨/૫ થી મોજે.કાણીયેલ સીમના સર્વે નં.૬૯૦ વાળી જમીનની નમુના નં.૭ની નકલ રજુ કરેલ છે. જયારે નિ.૧૫/૧ થી આ કામના વાદીઓએ આસીસ્ટન્ટ કલેકટરશ્રી કપડવંજનાઓ સમક્ષ કરેલ રીવીજન અરજી નં.૯/૨૦૨૦ની કરેલી જેમાં આસીસ્ટન્ટ કલેકટરશ્રી કપડવંજનાઓએ કરેલ હુકમની નકલ રજુ કરેલ છે. આમ ઉપર મુજબના અમો પ્રતિવાદી તરફેના મહત્વના દસ્તાવેજી પુરાવાઓ અમોએ સદર દાવાના કામે રજુ કરેલા છે.

આમ,આ તમામ હકીકતોને આધારે પ્રતિવાદીઓએ વાદીની કામચલાઉ મનાઇહુકમની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

**(૩)** કેસનું રેકર્ડ વંચાણે લીધું અને બંને પક્ષકારોની રજુઆતો તથા પક્ષકારોએ આધાર રાખેલ દસ્તાવેજો ધ્યાને લેતા હાલની અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું વાદીની તરફેણમાં સગવડતા–અગવડતાનું પલ્લુ છે?

(૩) જો વાદીને મનાઇ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણામાં ન આંકી શકાય તેવું કોઇ નુકશાન જાય છે ?

(૪) શું હુકમ ?

**(૪)** ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ

# -:: કારણો::-

**મુદ્દા નંબર: ૧ થી ૩ ની સંયુક્ત ચર્ચા:**

(૫) મુદ્દા નંબર: ૧,૨ અને ૩ એકબીજા સાથે સંયુક્ત રીતે જોડાયેલા હોઇ હકીકતોનું પુનરાવર્તન ટાળવા હેતુસર ત્રણેય મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

(૬) હાલની મનાઇ અરજી સબંધે વાદીના વિધ્વાન વકીલશ્રીએ પોતાની અરજી મુજબનીજ મૌખિક દલીલો કરેલ છે તથા મનાઇહુકમની અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે અને પ્રતિવાદીના વિધ્વાન વકીલશ્રીએ પણ પોતાના લેખિત જવાબ મુજબનીજ મૌખિક દલીલો કરેલ છે તથા વાદીની આંક-૫ ની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૭) બંને પક્ષોના વકીલોની દલીલો સાંભળી તેમજ આ મનાઇ અરજીની હકીકતો ધ્યાને લીધી.વાદીની મનાઇ અરજીની હકીકત ધ્યાને લેવામાં આવે તો વાદી જણાવે છે કે પ્રતિવાદીઓની માલિકીની જમીન મોજે.કાણીચેલના સીમના ખાતા નં.૬૩૫માં આવેલ સર્વે નં.૬૯૦ વાળી ખેતીની જમીન આવેલ છે. જેમાં સદર સર્વે નંબરની પૂર્વ બાજુએ કાણીચેલથી સરાલી જવાનો કાચુ નાળીયુ આવેલ છે તે નાળીયે થઈને સદર પ્રતિવાદીના સર્વે નંબરમાં ઉત્તર દિશાના શેઢે થઈને વાદીઓના સર્વે નં.૭૦૦ તથા ૭૦૦ પૈકી ૧ વાળી જમીનોમાં થઈને તથા વાદીઓની બાકીના સર્વે નંબરોવાળી જમીનોમાં જવા આવવાનો વર્ષો જુનો કાદો કદમીથી રસ્તો આવેલ તે રસ્તે થઈને વાદીઓ ખેતી કામ માટેના તમામ સાધનો હળ, બળદ, ટ્રેકટર, ગાડુ તથા આવવા જવા માટે અવરજવર કરતા આવેલ છે અને આ કામના પ્રતિવાદીઓએ મનસ્વી રીતે છેલ્લા પાંચ-છ મહિનાથી વાદીઓને હેરાન પરેશાન કરવાના બદઆશયે સદર રસ્તામાં રોકટોક કરી ઝાડી ઝાંખરા નાખી થોરની વાડ કરી કાયદેસરનો રસ્તો બંધ કરવાના પ્રયત્નો કરેલા છે. એનો મતલબ એમ છે કે પ્રતિવાદીએ છેલ્લા પાંચ-છ મહિનાથી રસ્તો બંધ કરવાનો પ્રયત્ન કરેલ છે , તો વાદી આ પાંચ-છ મહિના અગાઉ પહેલાથી સતત અને અવિરતપણે ૨૦ વર્ષ સુધી આ માર્ગાધિકાર એટલે કે સુખાધિકારનો ઉપભોગ કરતા હોઇ તેમ વાદીના પક્ષનિવેદન કે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા મુજબ પ્રથમદર્શીય રીતે જણાઇ આવતું નથી. વધુમાં વાદી દ્વારા **નિ.નં: ૩/૧૮** થી અને પ્રતિવાદી દ્વારા **નિ.નં:૧૨/૧** થી રજું કરવામાં આવેલ રસ્તાઓના નક્શાને ધ્યાને લેવામાં આવે તો વાદી પાસે પ્રતિવાદીના જણાવ્યા મુજબ મોજે.ગામ કાણીચેલથી સરાલી જવાનો જે જાહેર રસ્તો આવેલો છે તે રસ્તે થઈ સર્વે નં.૭૦૪માં પશ્ચિમ બાજુવાળી દક્ષિણ તરફથી આગળ વધી દક્ષિણાતા શેઢે થઈ સ.નં.૭૦૬માં થઈ આગળ વધી તેઓના સ.નં.૭૦૭માં જઈ શકાય છે. તેમજ સ.નં.૭૦૭માં થઈ તેમના સ.નં.૬૯૮માં થઈ તેમના માલિકીના સ.નં.૬૯૭માં જઈ શકાય છે. તેમજ સ.નં.૬૯૭માં થઈ સ.નં.૬૯૯માં તથા સ.નં.૭૦૦માં જઈ શકાય છે. તેમજ સ.નં.૬૯૭માં થઈ સ.નં.૬૯૯માં તથા સ.નં.૭૦૦માં જઈ

શકાય છે. તેમજ સ.નં.૭૦૦માં થઈને તેઓના માલિકીના સ.નં.૭૦૩–૧માં જઈ શકાય છે. જેથી અત્રેની કોર્ટનું માનવું છે કે પ્રથમ તો વાદી હાલના દાવાવાળા રસ્તાનો સતત અને અવિરતપણે ૨૦ વર્ષ સુધી આ માર્ગાધિકાર એટલે કે સુખાધિકારનો ઉપભોગ કરતા હોઈ તેવું જણાતું ન હોઈ વાદી પોતાનો પ્રથમદર્શીય કેસ સ્થાપિત કરી શકેલ નથી જેથી વાદી પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ એમ અત્રેની કોર્ટનું માનવુ છે તેમજ જો આ રસ્તો ખરેખર હોઈ તેમ માની લેવામાં આવે તો પણ પ્રતિવાદીના ઉપરોક્ત જણાવ્યા મુજબ આ દાવાવાળા રસ્તા સિવાય વાદી પાસે અવર–જવર કરવા માટે અન્ય વૈકલ્પિક રસ્તો પણ ઉપલબ્ધ છે જેથી વાદીને અગવડતા પડશે તેમજ નાણામાં ભરપાઈ ન કરી શકાય તેવું નુકશાન થવાની સંભાવના રહેલી હોઈ તે હકીકત માની શકાય નહિં.

(૮) આમ, વાદી કામચલાઉ મનાઈહુકમ મેળવવા માટેના ત્રણેય પરિબળો જેમકે પોતાનો પ્રથમદર્શીય કેસ, સગવડતા–અગવડતાનું પલ્લુ અને નાણામાં ન આંકી શકાય તેવું કોઈ નુકશાન પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં: ૧ થી ૩ નો જવાબ નકારમાં આપી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –::હુકમ::–

**૧.** વાદીની હાલની આંક–૫ ની મનાઈ હુકમની અરજી નામંજુર કરવામાં આવે છે.

**૨.** ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આ હુકમ આજ તા. ૨૦ મી ફેબ્રુઆરી ,૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૦–૦૨–૨૦૨૪**
**સ્થળઃ–કઠલાલ.**

**(મોહંમદફરહાદ સલીમ લોહિયા)**
**એડીશનલ સિવિલ જજ, કઠલાલ.**
**કોડ નં.જી.જે.૦૧૬૭૬**